**<u>મે.મજૂર અદાલત, અમદાવાદનાં પ્રિસાઈડીંગ ઓફીસર શ્રી એ.એમ.શેખ</u>**
**<u>સાહેબ સમક્ષ</u>**

**<u>ફરિયાદ અરજી નં.૧૩૬/૨૦૨૨</u>**

**આંક–૪**

**અરજદારઃ–** સુનીલ એસ.પ્રજાપતિ
ઠે.વાંચ, અમદાવાદ.
**C/o,સહકાર કામદાર યુનિયન,** અજીત મીલ સામે, રખિયાલ રોડ, અમદાવાદ–૨૩

**વિરુદ્ધ**

**સામાવાળાઃ–** ધીમાન ફેબ્રીકેશન લી.,
પ્લોટ ઠે.૨૨, સુભાષ એસ્ટેટ,
વાંચઃ–ગામ, તા.દસક્રોઈ, જી.અમદાવાદ.

હાજર રહ્યાઃઅરજદાર તરફે : વિ.પ્ર. શ્રી એસ.કે.કાઝી
સામાવાળા તરફે : કોઈ હાજર નથી.

**–<u>:: હુ ક મ ::</u>–**

આ કામે અરજદારે ધી આઈ.ડી.એક્ટ ૧૯૪૭ ની કલમ–૩૩(એ) અન્વયે આંક–૧ ની અરજી દાખલ કરી આ કામના સામાવાળાએ આપ સાહેબની પરવાનગી લીધા વગર કામદારોની નોકરીની શરતોમાં ગેરકાયદેસર ફેરફાર કરવાનું નકકી કરેલ છે તે કલમ–૩૩(એ) ના ભંગ સમાન હોવાનું ઠરાવવા દાદ માંગેલ છે. સદર કામે અરજદારનાં વિ.પ્રતિનિધિશ્રીએ આંક–૩ થી વિડ્રો પુરસીસ રજુ કરી બન્ને પક્ષકારો વચ્ચે સમાધાન થઈ જતાં આ કેસ આજ રોજ પાછો ખેંચતા હોવાનું જણાવતા તે રેર્કોડેડ કરેલ છે એ રીતે હાલની ફરીયાદ અરજી અરજદાર આંક– ૩ ની વિડ્રો પુરસીસ મુજબ વિડ્રો થવાથી આજરોજ લોક–અદાલતમાં ફેંસલ કરવામાં આવે છે.

ખર્ચ અંગે હુકમ નથી.

**તારીખઃ૧૧–૦૨–૨૦૨૩** **( અબ્બાસમીયા મહંમદમીયા શેખ)**
**સ્થળઃ અમદાવાદ.** **CODE : GJ01031**
**પ્રિસાઈડીંગ ઓફીસર,**
**લેબર કોર્ટ, અમદાવાદ.**

M.F.PARMAR,P.A.